આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

...આપવામાં અને વેરની
...લાત કરવામાં નારીને
...શક્તિશાળી પુરુષ પણ
...ી ન શકે
- જ્યોર્જ હાર્વી

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૭૨ ૨૩ મે, ૨૦૧૪, શુક્રવાર; વૈશાખ વદ - ૧૦ પાનાં - ૮

# ધોરણ-૧૨ પછી મેનેજમેન્ટ ક્ષેત્રે કારકિર્દી ઘડતરની અઢળક તકો

ગાંધીનગર, તા. ૨૨

સમગ્ર રાજ્યનાં ધો. ૧૨ની પરીક્ષા આપી ચુકેલા વિદ્યાર્થીઓ જ્યારે પરિણાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે ત્યારે તેઓને ઉજ્જવળ કારકિર્દીના શ્રેષ્ઠ ઉપલબ્ધ વિકલ્પો વિષે માહિતી આપવાનો અમારો આ સાદર પ્રયત્ન છે.

સાંપ્રત સમયમાં વૈશ્વિક સ્તરે ખાનગી તેમજ સરકારી ક્ષેત્રોમાં મેનેજમેન્ટના વિદ્યાર્થીઓની મોટા પ્રમાણમાં માંગ ઉભી થઈ રહી છે અને આ માટે મેનેજમેન્ટનાં અભ્યાસક્રમની લાયકાત અને કુશળતા ધરાવતા વધુમાં વધુ સ્નાતકો તૈયાર થાય એ માત્ર આજનાં સમયની માંગ જ નહિ, પરંતુ આપણી નૈતિક ફરજ છે. બીબીએના અભ્યાસક્રમમાં મેનેજમેન્ટ ક્ષેત્રના તમામ પાસાઓને આવરી લેવામાં આવે છે.

સહકારી ક્ષેત્ર, બેંકિંગ ક્ષેત્ર, વિમા, ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રથી લઈને વાહનવ્યવહાર તેમજ આયાત-નિકાસનાં સરકારી તેમજ ખાનગી એકમોમાં મેનેજમેન્ટ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને પહેલી પસંદગી આપવાની પ્રણાલી બની ગઈ છે. આ માટે વિદ્યાર્થીઓ જાગૃત થાય અને બીબીએ જેવા કોર્સમાં રસ લઈ તેની માહિતી એકત્રીત કરી પોતે કારકિર્દી ઘડતરમાં તેનો ઉપીયોગ કરે તે અતિ આવશ્યક બન્યું છે.

માર્કેટિંગ, હ્યુમન રિસોર્સ તેમજ ફાઈનાન્સ ક્ષેત્રમાં ઉભા થયેલા આકર્ષણનું મુખ્ય કારણ એ છે કે રાષ્ટ્રીય તેમજ વૈશ્વિક ફલક પર મેનેજમેન્ટ ક્ષેત્ર ખૂબજ ઝડપથી વિકસી રહ્યું છે. બીબીએ જેવા, પાયાથી મેનેજમેન્ટ ક્ષેત્રનું બહોળુ જ્ઞાન આપતા કોર્સીસને લીધે વ્યાવસાયીક તેમજ ધંધાકિય ક્ષેત્રે તેઓ માટે અનેક તકો ઉપલબ્ધ થાય છે. આ ઉપરાંત બીબીએ પછી ઉચ્ચ અભ્યાસની તકો પણ પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. સીએ, સીએસ, સીએફએ તથા આઈસીડબલ્યુએ જેવા પ્રોફેશનલ કોર્સનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે બીબીએની સાથે-સાથે જ આ બધા કોર્સિસ કરવા વિદ્યાર્થીઓ માટે ઉજ્જવળ કારકિર્દીનાં શ્રેષ્ઠ વિકલ્પો સાબિત થઈ રહ્યા છે.

વ્યાવસાયિક કૌશલ્ય તેમજ સંચાલનમાં કુશળતા એ આજના યુગની ઉભરતી જરૂરિયાત છે. સાંપ્રત સમયમાં જ્યારે રાજકિય ક્ષેત્રે સુશાસન અને વહિવટી પાસાઓને લઈને રાજકિય ધુરંધરોએ અનેકગણી સિદ્ધિઓ પ્રસ્થાપિત કરી છે તે ફક્ત અને ફક્ત તેઓમાં રહેલ સંચાલકિય કુશળતાને આભારી છે.

વ્યક્તિત્વ વિકાસ એ વ્યક્તિએ પોતાની રોજીંદી પ્રવૃત્તિઓનું શિસ્તબદ્ધ આયોજન અને સંચાલન છે. બીબીએનો અભ્યાસ વિદ્યાર્થીઓમં શિસ્ત, સંસ્કાર અને મુલ્યોની સભાનતા, કટીબદ્ધ નિર્ણય શક્તિ, અખૂટ આત્મવિશ્વાસ અને દઢ નિશ્ચય કેળવવાની કળા જેવા અનેક ગુણોનો વિકાસ કરે છે.